મહત્તમ : ૪૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૨૭ ટકા

ગાંધીનગર તાપમાન

# પાટનગરનું મધ્યસ્થ ગ્રંથાલય એટલે વાંચન નહી દુર્ગંધનું ઘર...!!!

## સે-૧૭ની લાયબ્રેરીમાં ટોયલેટ-વોશરૂમની તીવ્ર દુર્ગંધથી વાચકો-કર્મચારીઓ પરેશાન : વારંવાર ટોયલેટના ડ્રેનેજની સફાઈ કરાવવા છતાં દુર્ગંધથી છુટકારો મળતો નથી : લાયબ્રેરીમાં વાંચન કરવું કે કામ કરવું દુષ્કર બનતું જાય છે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરની મધ્યસ્થ લાયબ્રેરી સેકટર-૧૭ ખાતે આવેલી છે જે શહેરના વિદ્યાર્થીઓ ઉપરાંત રાજયભરમાંથી આવેલા સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારો માટે વાંચનકાર્ય કરવાનું સૌથી પ્રથમ પસંદગીનું સ્થળ છે. જો કે આ લાયબ્રેરીમાં મર્યાદિત જગ્યાના પ્રમાણમાં વાંચવા આવનાર વિદ્યાર્થીઓનો ધસારો ખૂબ મોટો છે. એક સમયે જયાં ગુજરાત રાજયની વિધાનસભા બેસતી હતી તે સંકુલમાં બનાવાયેલી મધ્યસ્થ લાયબ્રેરી હાલ દુર્ગંધથી તરબતર હોવાને કારણ અહીં વાંચન ક્રિયા માટે આવતા વિદ્યાર્થીઓ, ઉમેદવારો ઉપરાંત અન્ય વાચકો અને કર્મચારીઓ સુધ્ધાં આ દુર્ગંધથી ત્રાહિમામ પોકારી ગયા છે.

છેલ્લા કેટલાક સમયથી સેકટર-૧૭ની લાયબ્રેરીમાં ટૉયલેટ-વૉશરૂમની ગંદી વાસની સમસ્યા વકરવા પામી છે. કોઈ પણ વ્યકિત જેવી લાયબ્રેરી સંકુલમાં પ્રવેશ મેળવે તેવી જ તેને આ તીવ્રવાસ આવવાની શરૂ થઈ જાય છે અને જો એ તેના મનમાં ગ્રંથાલય એટલે 'સાહિત્ય તથા સંસ્કારનું મંદિર કહેવાય' તેવી છાપ લઈને આવી હોય તો તુરંત જ તેણે પોતાનો અભિપ્રાય બદલવો પડે તેવી સ્થિતિ સર્જાવા પામી છે. છેલ્લા કેટલાય સમયથી વૉશરૂમની આ ગંદીવાસ વિદ્યાર્થીઓ, ઉમેદવારો, મુલાકાતીઓ સહિત ગ્રંથાલયના સ્ટાફને પણ પરેશાન કરી રહી છે અને તેના કારણે અહીં બેસવું દુષ્કર બની જવા પામ્યું છે. જો કે હાલ શહેરમાં ખાનગી લાયબ્રેરીઓ સુરતના અગ્નિકાંડ બાદ સરકારે બંધ કરાવી દીધી હોવાથી તેથી વિદ્યાર્થીઓ કે ઉમેદવારો માટે બીજો કોઈ વિકલ્પ નથી. જેના કારણે ધસારો વધી જવા પામ્યો છે. બીજી તરફ કર્મચારીઓને નોકરી હોવાથી તેમણે પણ આ વાસ ફરજિયાત 'સહન' કરવી પડી રહી છે. આ સમસ્યા અંગે લાયબ્રેરીના સભ્યો તથા કર્મચારીઓ અનેકવાર રજુઆત કરી ચુકયા છે પરંતુ હજુ સુધી તેનો કોઈ નિવેડો આવવા પામ્યો નથી તે હકીકત છે.

### ટોયલેટ રિનોવેશનની રૂ.૩૪ લાખની ફાઈલ મંજૂરીની એરણે

આસીસ્ટન્ટ ડાયરેકટર ઓફ લાયબ્રેરી જેમની પાસે હાલ સ્ટેટ લાયબ્રેરિયનનો પણ ચાર્જ છે તેવા ડૉ. પંકજ ગોસ્વામીને આ સમસ્યા અંગે પુછતાં તેમણે જણાવ્યું હતું કે ગ્રંથાલયમાં માંડ ૧૦૦-૧૫૦ વ્યકિતઓની કેપેસીટીને ધ્યાનમાં રાખીને ટોયલેટ બનાવાયેલ હતું જે જુની વિધાનસભા સંકુલના નિર્માણ વખતે બન્યું હતુ પરંતુ હાલ લાયબ્રેરીમાં અંદાજે ૩૦૦ જેટલા યુવાનો નિયમિત વાંચવા આવે છે તે ઉપરાંત અન્ય વાચકો, સ્ટાફ વગેરે થઈને અંદાજે ૪૫૦થી ૫૦૦ વ્યકિતનો લોડ રહે છે. અમે, ટોયલેટસનું પાટનગર યોજના ભવનમાં રજુઆત કરી રૂ. ૬ લાખના ખર્ચે રીપેરીંગ પણ ૨થી ૩ વાર કરાવ્યું છે. આમ છતા અંદર જમીનમાં ડ્રેનેજની પાઈપ નાની હોવાથી હવે સંપૂર્ણ ટોયલેટ કોમ્પ્લેક્ષને રિનોવેટ કરી વધુ કેપેસીટીનું બનાવવાની રૂ. ૩૪ લાખના ખર્ચની ફાઈલ મંજુરીના આખરી તબક્કામાં છે જે મંજુર થતા જ તેનું કામ શરુ થઈ જશે. વળી, અત્યારે અહીં વાંચન માટે આવતો યુવા વર્ગ અનેકવાર ધ્યાન દોરવા છતાં તેઓ પાન મસાલાના પડીકા, પ્લાસ્ટિક કાગળો તથા અન્ય કચરો ટોયલેટસમાં નાંખે છે જેના કારણે ડ્રેનેજ ચોકઅપ થઈ જાય છે જેથી આ સમસ્યા રહે છે જેનું ઝડપથી નિરાકરણ આવી જશે.




## આજે નાના ચિલોડા બ્રાઈટ સ્કૂલ ખાતે આરએસએસનો પ્રકટ સમારોપ યોજાશે

ગાંધીનગર, તા.૩૧

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ગુજરાત સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા કર્ણાવતીના સંઘ શિક્ષા વર્ગના પ્રથમ વર્ષ નિમિત્તે પ્રકટ સમારોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રકટ સમારોપ તા. ૧લી જૂન શનિવારે સાંજે ૬.૧૫ કલાકે કર્ણાવતીના સરદાર પટેલ રીંગ રોડ પરના નાના ચિલોડા ખાતેની બ્રાઈટ સ્કૂલ ખાતે યોજવામાં આવ્યો છે. જેમાં પ્રમુખ અતિથિપદે નિરમા લિમિટેડના વાઈસ ચેરમેન રાકેશભાઈ પટેલ તથા આરએસએસના ગુજરાત પ્રાંત સંઘચાલક ડૉ. ભરતભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

ગુરુનાનકદેવજીના ૫૫૦મા પ્રકાશ વર્ષ, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના ૧૫૦ના જન્મજયંતિ વર્ષ, જલિયાંવાલા બાગ બલિદાનના ૧૦૦મા વર્ષ તેમજ આઝાદ હિંદ ફોજ દ્વારા ઘોષિત સ્વતંત્ર સરકારના ૭૫મા વર્ષ પ્રસંગે યોજાનાર પ્રકટ સમારોપમાં અમૃત વચન, વૈયકિતક ગીત, પ્રમુખ અતિથિના ઉદબોધન, વકતાઓના ઉદબોધન જેવા કાર્યક્રમો યોજાશે. કાર્યક્રમનો પ્રારંભ ધ્વજારોહણથી અને સમાપન ધ્વજાવતરણથી થશે. કાર્યક્રમના સમાપને સમુહભોજનનું આયોજન કરવામાં આવ્યું છે.

## અડાલજ પાસે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં ઘાયલ યુવાનનું મૃત્યુ

ગાંધીનગર, તા.૩૧

એસજી હાઈવે ઉપર આવેલા અડાલજ પાસે ચાર દિવસ પહેલા એક માર્ગ અકસ્માત સર્જાયો હતો. બેફામ ગતિએ જતી અજાણી કારે મૂળ રાજસ્થાની યુવાનને અડફેટે લઈ લીધો હતો. ગંભીર રીતે ઘાયલ થયેલા આ યુવાનને તાત્કાલીક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ચાર દિવસથી હોસ્પિટલમાં દાખલ આ યુવાનનું આખરે પ્રાણ પંખેરૂ ઉડી જવા પામ્યુ છે. અડાલજ પોલીસે મૃતકના પિતાની ફરિયાદને આધારે અજાણ્યા કાર ચાલક સામે હીટ એન્ડ રનનો ગુનો દાખલ કરીને તેને શોધી કાઢવા માટે સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવવાની કવાયત શરૂ કરી છે.

ગાંધીનગર-સરખેજ હાઈવે પર અડાલજ ખાતે ચાર દિવસ પહેલાં થયેલા અકસ્માતમાં યુવાનનું મોત થયું છે. ૩૫ વર્ષીય યુવક શિવલાલ વીરજીભાઈ કલાસવાને ૨૮ મી મે બપોરે ૩ વાગ્યાના અરસામાં અડાલજ મહારાજ હોટલ પાસે અજાણ્યા કાર ચાલકે ટક્કર મારી હતી. અકસ્માતમાં યુવાનને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા દોડી આવેલા રાહદારીઓએ યુવાનને ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડયો હતો. જયાંથી તેને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ ખસેડાયો હતો. જયાં આજે તેનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. મૂળ રાજસ્થાનના ડુંગરપુરમાં લોકલપુરના યુવાનના મોતને પગલે પરિવારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. મૃતક યુવાનના પિતા વીરજીભાઈ રામજીભાઈ કલાસવાએ અજાણ્યા વાહન ચાલક સામે અડાલજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે હાઈવે પરના સીસીટીવી ફૂટેજના આધારે યુવાનને ટક્કર મારીને ભાગી ગયેલા વાહન ચાલકને ઝડપી લેવા તજવીજ શરૂ કરી છે.

## આજે સેન્ટ્રલ વિસ્ટા ખાતે સ્ટ્રીટ કાર્નિવલ યોજાશે


ગાંધીનગર, તા.૩૧

આજે શહેરના ઘ-૪ સર્કલ પાસે આવેલા સેન્ટ્રલ વિસ્ટામાં ડાયમંડ ગ્રુપ દ્વારા સ્ટ્રીટ કાર્નિવલ યોજાશે. સાંજે ૬થી ૧૦ કલાક દરમિયાન સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિભા પાસે આવેલા બગીચામાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. જેમાં ઝુમ્બા, બોલીવુડ ડાન્સ, ફોક ડાન્સ જેવા કાર્યક્રમની પ્રસ્તુતિ થશે. આ પ્રસંગે મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ તથા સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા તથા પોલિસ અધિકારી આર.બી. બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહેશે. સંસ્થા દ્વારા આ કાર્યક્રમનો લાભ લેવા નગરજનોને જણાવાયું છે.

## પીડીપીયુની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના નવા વિદ્યાર્થીઓનો ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી સંલગ્ન સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝ ખાતે બીટેકના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે એક અભિગમ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતં. સંસ્થાની સિવિક એન્ડ સોશ્યલ સર્વિસ ઈન્ટર્નશીપ કાર્યાલયે યોજાયેલા અભિગમ સત્રમાં અંદાજે ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અભિગમ સત્ર પ્રસંગે પીડીપીયુના ડિરેકટર એસઓટી ડૉ. ટી.પી. સિંહ, એસએલએમ નિયામક પ્રો. નિગમ દવે, સીએસએસઆઈ કો ઓર્ડિનેટર્સ ડૉ. નીતા ખુરાના તથા ખુશાલી પુરોહિત ઉપસ્થિત રહ્યા હતા. ઓરિએન્ટેશન પ્રોગ્રામમાં ડૉ. ખુરાનાએ વિદ્યાર્થીઓ સમક્ષ ઈન્ટર્નશીપ મોડેલ પ્રસ્તુત કર્યું હતું. નિયામક પ્રો. નિગમ દવેએ વિદ્યાર્થીઓને ઈવેન્ટનો હેતુ સમજાવ્યો તે પૂર્વે ડિરેકટર ટી.પી. સિંહે વિદ્યાર્થીઓને ઈન્ટર્નશીપના લાભો, તે કેવી રીતે સારા વ્યકિત બનવામાં ઉપયોગી નિવડે છે તે અને તેના સંપર્ક દ્વારા નવી વિચારધારાની તક પ્રાપ્ત થઈ શકે છે વગેરે માહિતી સાથેનું સંબોધન કર્યું હતું. ડૉ. નીતા ખુરાનાએ વિવિધ ઉદાહરણો સાથે ઈન્ટર્નશીપના કાર્યો અને ફાયદા સમજાવ્યા હતા. જયારે ખુશાલી પુરોહિતે નવા વિદ્યાર્થીઓનો સીએસએસઆઈ ટીમ સાથે પરિચય કરાવ્યો હતો.




## ભાટ ખાતે સાબરમતી નદીના પટમાં અડાલજ પોલસનો દરોડો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના ભાટ પાસે સાબરમતી નદીના પટમાં દેશીદારૂ ગાળવાની પ્રવૃતિઓ બેરોકટોક ચાલે છે. આવા જ એક દેશી દારૂ ગાળવાના અડ્ડા પર અડાલજ પોલીસે દરોડો પાડીને ૪૦૦ લીટર દેશીદારૂ ગાળવાનો વોશ ઝડપી લીધો છે. અડાલજ પોલીસનો સ્ટાફ ગઈ સાંજે પેટ્રોલિંગમાં હતો ત્યારે સાત વાગ્યાના અરસામાં સાબરમતી નદીના પટમાં જોગણી માતાના મંદિર સામે દેશી દારૂ ગળાઈ રહ્યો હોવાની બાતમી મળી હતી. પોલીસે દરોડો પાડતાં દારૂ ગાળવાની પ્રવૃતિ કરતો સરદારનગરનો બુટલેગર ભવરસિંહ ગોકુળભાઈ માલાવત (રહે-નોબલનગર, સરદારનગર) ભાગી છૂટ્યો હતો. પોલીસે ઘટના સ્થળેથી બે પીપમાં ભરેલો ૪૦૦ લીટર વોશમાંથી સેમ્પલ લઈને બાકીનો વોશનો નાશ કરી દીધો હતો. પોલીસે આરોપી સામે પ્રોહીબિશન એક્ટ મુજબ ગુનો નોંધીને તેને ઝડપી પાડવા તપાસ આરંભી છે.

## વય નિવૃત્તિ પ્રસંગે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૩૧

શહેરના રહેવાસી રમેશભાઈ હરગોવિંદભાઈ પંચાસરાએ તેમના વય નિવૃત્તિ પ્રસંગે ભાવનાબેન ગોકલાણીના મધુર કંઠે આનંદના ગરબાનું આયોજન તા. ૩ જૂનના રોજ કર્યુ છે. સાંજે ૩ થી ૬ કલાક દરમિયાન આનંદનો ગરબો સ્વામિનારાયણ મંદિર પાછળ, ભકિતમાતા ભવન હોલ સે-૨-એ ખાતે યોજાશે. રમેશભાઈ પંચાસરા, મનોરમાબેન, રમેશભાઈ પંચાસરા અને ડૉ. સંકેત રમેશભાઈ પંચાસરા દ્વારા આ પ્રસંગે ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## વાયુ પ્રદુષણ અટકાવવા દાયકા જુના ડિઝલ વાહનોની નોંધણી બંધ કરો

ગાંધીનગર, તા.૩૧

ગુજરાતના મહાનગરોમાં જયારે વાયુ પ્રદુષણની માત્રા છેલ્લા ઘણા વર્ષોથી વધુ વકરી છે ત્યારે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા મહાનગરોમાં પ્રદુષણ રોકવા અને ગુજરાત રાજયના જુના ડીઝલના વાહનોના રજીસ્ટ્રેશન પર પ્રતિબંધ મુકવા સરકારને ધ્યાન દોરવામાં આવ્યું છે અને પ્રદુષણ નિવારવા અંગેના ઉપાયો જણાવી વિવિધ ઠરાવો દ્વારા પણ જરુરી પગલા લેવા જણાવાયું છે.

છેલ્લા કેટલાક વર્ષોથી ગુજરાતના મહાનગરો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર, જુનાગઢ, ગાંધીનગરનું પર્યાવરણ ચિંતાજનક સ્થિતિમાં છે. નવેમ્બર ૨૦૧૭માં મહાનગરોનું વાયુ પ્રદુષણ દિલ્હીની સમકક્ષ પહોંચ્યું હતું ત્યારે ગંભીર પરિસ્થિતિને ધ્યાને લઈ નાગરિક પરિષદ દ્વારા ઠરાવ કરી સરકારને સૂચનો પણ કરવામાં આવ્યા હતા પરંતુ હજુ સુધી આ મામલે કોઈ પગલા લેવાયા નથી. હાલની સ્થિતિએ રાજયના અમદાવાદ, રાજકોટ, સુરત સહિત ભાવનગર અને જુનાગઢ શહેરમાં વાયુ પ્રદુષણની માત્રા ચિંતાજનક છે ત્યારે આ મામલે અસરકારક પગલા લેવા અનિવાર્ય હોવાનું પણ રજુઆતમાં જણાવાયું છે. વાયુ પ્રદુષણને ડામવા દસ વર્ષ જુના ડિઝલ વાહનોની નોંધણી પર સરકારે તાત્કાલિક પ્રતિબંધ મુકવા પણ પ્રબળ માંગ કરવામાં આવી છે. શહેરીજનોના સ્વાસ્થ્યને ધ્યાને લઈ વાયુ પ્રદુષણને નિયંત્રણમાં લેવું અનિવાર્ય છે. વાહન વ્યવહાર કમિશનરની કચેરી કક્ષાએથી પણ વાયુ પ્રદુષણને અટકાવવા નિયમ મુજબ કાર્યવાહી થતી હોવાનો રૂટીન જવાબ આપવામાં આવે છે. જન આરોગ્યને અનુલક્ષીને આ સમસ્યા સમગ્ર રાજય માટે ચિંતાનો વિષય છે ત્યારે આ મામલે નવો કાયદો બનાવવા પણ પગલા લેવાય તેમજ જાગૃત નાગરિક પરિષદના સભ્યો સાથે આ મામલે ચર્ચા કરવા વિભાગ કક્ષાએ બેઠકનું આયોજન કરવામાં આવે તેવી લાગણી પણ જાગૃત નાગરિકોએ વ્યકત કરી છે.

## નિસર્ગ દ્વારા ૫મી જૂને વિશ્વ પર્યાવરણ દિન ઉજવાશે

ગાંધીનગર, તા.૩૧

૫મી જૂન સમગ્ર વિશ્વમાં 'વિશ્વ પર્યાવરણ દિન' તરીકે ઉજવાય છે. વિશ્વના ૧૪૩થી વધુ દેશો આ દિવસે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને પર્યાવરણ બચાવા લોકજાગૃતિ કાર્યક્રમો કરતા હોય છે. પર્યાવરણનું વધતું જતું પ્રદુષણ એ વિશ્વની સૌથી મોટી સમસ્યા છે. પર્યાવરણના પ્રદુષણને કારણે વધતી જતી ગરમી, કલાયમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ જેવી સમસ્યાઓનો સામનો આપણે કરી રહ્યા છીએ. અને આ સમસ્યાઓને કારણે પૃથ્વી પર વસતા સજીવોનું જીવન મુશ્કેલી ભર્યું બન્યું છે.

દર વર્ષ આ દિવસની ઉજવણી જુદા જુદા થીમ આધારિત કરવામાં આવે છે. આ વર્ષનો વિષય 'ટુ ગેધર વી કેન બીટ એર પોલ્યુશન' રાખવામાં આવ્યો છે. આ થીમ આધારિત જનજાગૃતિ કાર્યક્રમો સમગ્ર વિશ્વમાં યોજાશે.




ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા પણ દર વર્ષે આ દિવસની ઉજવણી વિવિધ કાર્યક્રમો યોજીને કરવામાં આવે છે ત્યારે આ દિવસની ઉજવણીના ભાગરૂપે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ પ્રાદેશિક કચેરી ગાંધીનગરના સહયોગથી તા. ૬ઠ્ઠી જૂન ૨૦૧૯ના રોજ સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન નિબંધ લેખન સ્પર્ધા, પર્યાવરણીય ફિલ્મ શો અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

નિબંધ લેખન સ્પર્ધા માટે ધો-૫ થી ૭ માટે એ ગ્રુપ અને ધો-૮ થી ૧૦ માટે ગ્રુપ બી એમ બે ગ્રુપ રાખવામાં આવ્યા છે. નિબંધ લેખન સ્પર્ધાનો વિષય 'જુદા જુદા ક્ષેત્રોમાં વાયુ પ્રદુષણ ઘટાડવાના ઉપાયો' રાખવામાં આવ્યો છે. બંને ગ્રુપમાં પ્રથમ વિજેતાને ૫૦૦ રૂ., દ્વિતીય વિજેતાને ૩૦૦ રૂ. તથા તૃતીય વિજેતાને ૨૦૦ રૂ. રોકડ પુરસ્કાર રૂપે અને પ્રમાણપત્ર આપવામાં આવશે તેમજ ભાગ લેનાર તમામને પણ પ્રમાણપત્ર આપવામાં આવશે.

આ ઉપરાંત આ કાર્યક્રમમાં પર્યાવરણ આધારિત ડોકયુમેન્ટ્રી ફિલ્મ પણ બતાવવામાં આવશે. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, પ્રાદેશિક કચેરી, ગાંધીનગરના અધિકારીઓ અને વિદ્યાર્થીઓને હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ નિબંધ લેખન સ્પર્ધામાં તથા કાર્યક્રમમાં ભાગ લેવા માટે ૫મી જૂન ૨૦૧૯ સુધીમાં મો. નં. ૯૪૨૬૪૫૧૧૦૨ અથવા ૯૦૯૯૩૮૨૯૩૬ પર પોતાનું નામ નોંધાવવા જણાવાયું છે.

## સોમવારે શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક તા. ૩ જૂનના રોજ સાંજના ૫ કલાકે સંસ્થાના પ્રમુખ જયોતિન્દ્ર દવેના અધ્યક્ષસ્થાને સે-૨૧ સ્થિત નમન એપાર્ટમેન્ટ ખાતે યોજાશે. જેમાં પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવશે. સંસ્થાના મહામંત્રી નિરંજન ઓઝા દ્વારા સંસ્થાના સભ્યો, હોદ્દેદારો અને કાર્યવાહક સમિતિના સભ્યોને બેઠકમાં હાજર રહેવા જણાવાયું છે.







ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા વિશ્વ તમાકુ નિષેધ દિન નિમિત્તે મુકિતધામ-લાઈબ્રેરી યુવાનો, કડી કેમ્પસ યુવાનો, પોલીટેકનીક કોલેજ ખાતે તમાકુથી થતાં કેન્સરના ભયાનક રોગ વિષે માહિતી આપી કુટુંબ અને સમાજને બરબાદીથી બચાવવા આજથી જ તમાકુનું સેવન ન કરવા પ્રતિજ્ઞા લેવડાવી હતી. આ કાર્યમાં રેડક્રોસ જિલ્લા શાખાના અશ્વિનભાઈ દવે, ડૉ. રણછોડભાઈ રથવી, ડૉ. એન.કે પટેલ, ડૉ. મહેન્દ્રસિંહ (મનપા), મુકિતધામ-કિરણસિંહ અને જીલુભા ધાંધલે દરેક કોલેજ-સંસ્થા પર જઈ યુવાનોને પ્રતિજ્ઞા લેવડાવી હતી.

## આજે 'સાજીંદા શોભા ગાંધીનગર સંગીત જલસો' કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૩૧

સ્મિત મ્યુઝિક ગાંધીનગર અને ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી દ્વારા તા. ૧ જૂનના રોજ રાત્રે ૯ કલાકે સે-૧૨ સ્થિત બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે 'સાજીંદા શોભા ગાંધીનગર સંગીત જલસો' શીર્ષકથી સંગીત કાર્યક્રમ યોજાશે. જેમાં ફલુટ, સેકસાફોન, તબલા, કીબોર્ડ અને ગીટાર જેવા વાદ્યો સાથે હિન્દી ગીત ગાયન કાર્યક્રમ શહેરના સીંગરો દ્વારા પ્રસ્તુત થશે. સાથે અમદાવાદનું મહેશ ઓરકેસ્ટ્રા ગ્રુપ પણ જોડાશે અને ટીવી ફેઈમ એંકર નરેશ વોરા મીમીક્રી રજુ કરશે. આ કાર્યક્રમમાં ગુજરાત રાજય સંગીત નાટય અકાદમીના ચેરમેન પંકજભાઈ ભટ્ટ, ગુજરાત રાજય સંગીત નાટય અકાદમીના સચિવ જયોતિષ ભટ્ટ, મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા ખાસ ઉપસ્થિત રહેશે. સંસ્થાના સંચાલક દ્વારા શહેરના સંગીત પ્રેમીઓને હાજર રહેવા જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. ઠાકોર કેશાજી ખોડાજી, ઉ.વ. ૫૮
- સ્વ. બિહોલા ઘનશ્યામસિંહ મુળસિંહ, ઉ.વ. ૪૮
- સ્વ. ઝાલા જોરુભા જુહુભા, ઉ.વ. ૫૪
- સ્વ. ઠાકોર મહોતજી શનાજી, ઉ.વ. ૪૩